નં.ડીએમ/ડીસીએચ/ફાટક-૧૯૦/૨૦૨૪
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર તા.૨૯/૦૪/૨૦૨૪

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું જાહેરનામું

પશ્ચિમ રેલવે વિભાગ, રાજકોટના તા.૩૦/૦૩/૨૦૨૪ના પત્ર તથા સીટી એન્જિનિયરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગરના તા.૨૧/૦૩/૨૦૨૪ના પત્રથી વિભાપર ગામ નગરસીમ વિસ્તાર, વૃંદાવન ધામ-૨, વૃંદાવન સ્કુલની પાછળની તરફના રોડ પર આવેલ રેલવે ક્રોસિંગ નં.૧૯૦ પર રેલવે અન્ડબ્રીજના બાંધકામની કામગીરી રેલવે વિભાગ દ્વારા કરવામાં આવનાર છે. આથી આ રસ્તા પર ચાર માસથી વધુના સમય સુધી વાહન-વ્યવહાર રોકી રાહદારી રસ્તો બંધ કરવા અંગેનુ જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. ખુબ લાંબા સમયગાળા માટે રસ્તો રોકવાની દરખાસ્ત કરેલ હોય આ બાબતે પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના અભિપ્રાય માટે લખવામાં આવેલ. પોલીસ અધિક્ષકશ્રી તરફથી અહેવાલ ન મળતા તેમજ આગામી સમયમાં ચોમાસાની શરૂઆત થયે કામગીરી થઇ શકે નહી તે તમામ પરીબળ ધ્યાને લેતા સમયમર્યાદમાં કાર્ય પૂર્ણ કરવા તેમજ આ કાર્ય સમયે ટ્રાફીક સમસ્યા નિવારવા તથા અન્ડર બ્રીજની કામગીરીમાં અડચણ ન થાય તે માટે જાહેરનામું બહાર પાડવુ ઉચિત જણાય છે.

જેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, જામનગર જિલ્લો, જામનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ મળેલ સત્તાની રૂઇએ આથી ફરમાવું છું કે, આજથી તા.૩૦/૦૭/૨૦૨૪ સુધી નીચેના કોષ્ટકના કોલમ નં. ૨ મુજબના રસ્તા પર, કોલમ નં.૩ મુબની વૈકલ્પિક વ્યવસ્થા સાથે વાહનવ્યવહાર તેમજ અવર-જવર બંધ રહેશે.

| ક્રમ | પ્રતિબંધિત રસ્તો | વૈકલ્પિક રસ્તો |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | વિભાપર ગામથી ફાટક વાળા રોડ થઇ ક્રિષ્ના ટાઉનશીપ થઇ ક્રિષ્ના મારબલ રાજકોટ રોડ તરફનો આવતો તથા જતો ફાટક વાળા રસ્તો | રાજકોટ રોડ પરથી વિભાપર જવા/આવવા માટે ગુલાબનગર પહેલા ઢાળીયાથી વિભાપર ગામ તરફ જતો/આવતો રસ્તો |

આ જાહેરનામું તાત્કાલીક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૬)ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ જાહેરનામાંની જાહેર જનતાને જાણ થાય તે રીતે રેલવે વિભાગ તથા સિટી એન્જીનયરશ્રી, જામનગરમહાનગરપાલિકા, જામનગરે તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે તથા રસ્તાઓના અગ્રભાગે જાહેર જનતાને સરળતાથી જાણકારી મળી રહે તે મુજબના બોર્ડ મુકવાના રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે સંબંધિત થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે .

આ જાહેરનામાંની જાહેર જનતાને જાણ થાય તે પોલીસ અધિક્ષકશ્રી, જામનગરએ તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે.

આજ તા.૨૯માહે: એપ્રિલ, ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયુ.

Office of the District Magistrate
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :-

૧. કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર

૨. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર .

૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

૪. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)

૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)

૬. ડી.ઇ.એન. (વેસ્ટ) પશ્ચિમ રેલવે વિભાગ, રાજકોટ

૭. મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)

૮. પો.ઈન્સ.શ્રી/પો.સબ.ઈન્સ.શ્રી, સીટી એ/સીટી બી/સીટી સી/પંચ એ/પંચ બી/બેડી મરીન

૯. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.વિભાગ, જામનગર

૧૦. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર (૨ નકલો સાથે)

.......સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

૧૧. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

૧૨. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં

.......ઉકત જાહેરનામાંના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રેરીયલ શાખામાં પહોંચતી કરવા સારું.

૧૩. સિલેકટ ફાઈલે

નકલ સવિનય રવાના -:

૧. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.